એસ. જાવક નંબર: ૬૪૬
તારીખ: ૨૮/૮/૧૭

મહાનગરપાલિકા

ભાવનગર

તા.૨૮/૦૮/૨૦૧૭

## <u>પરીપત્ર</u>

તા.૦૧/૦૭/૨૦૧૭ થી **CGST** તથા **SGST** ના અમલીકરણ બાદ કલમ ૯(૩) તથા કલમ ૯(૪) મુજબ જે કોન્ટ્રાકટર/સપ્લાયરોએ **GST** અંતર્ગત નોધણી (રજીસ્ટેશન) કરાવેલ ન હોય તેવા કોન્ટ્રાકટર/સપ્લાયરો પાસેથી માલસામાન કે સેવાઓ લેવા બદલ **GST** ની જવાબદારી કોર્પોરેશન ની રહે છે. તેથી નીચેની સુચનાઓનો તાત્કાલિક અસરથી અમલ કરવાનો રહેશે.

(૧) કોર્પોરેશન નાં પ્રોજેક્ટ વર્ક તથા અન્ય કામગીરીઓ માટે કોન્ટ્રાકટર/સપ્લાયર તથા સેવા પૂરી પાડતા કન્સલ્ટન્ટ/એજન્સીઓ **GST NO** ધરાવતા હોય તેમની પાસેથી જ માલ/સેવા મેળવવાની રહેશે.

(૨) **GST NO** ના હોય તેવા સપ્લાયર/કોન્ટ્રાકટર તથા સેવા પૂરી પાડતા કન્સલ્ટન્ટ/એજન્સીઓને કામની સોપણી કરવી નહી. તેમજ કોઇપણ સંજોગોમાં બીલની ચુકવણી કરવી નહી.

(૩) જે કોન્ટ્રાકટર/સપ્લાયર પાસે **GST** નંબર ન હોય તેમને જેતે વિભાગના શાખાઅધિકારી એ **GST** નંબર લેવા તાકીદે જાણ કરવી.

(૪) જો કોન્ટ્રાકટર/સપ્લાયર પાસે **GST** નંબર નહી હોય તેવા સંજોગોમાં કોર્પોરેશને ભરવાનો થતો **GST** જેતે કોન્ટ્રાકટર/સપ્લાયર પાસેથી લઇ સરકારમાં જમા કરાવવામાં આવશે જેની નોધ લેવી.

ડેપ્યુટી કમિશ્નર (એડમીન)
ભાવનગર મહાનગરપાલિકા